# સાફલ્યગાથા અંતર્ગત જુનાગઢ જીલ્લાની કામગીરી

## તા.૨૪/૦૬/૨૦૧૯ થી તા.૩૦/૦૬/૨૦૧૯

## રીચાર્જ દ્વારા રીટેઇલરોના ફ્રોડ કરતા આરોપીને પકડી પાડતી જુનાગઢ જીલ્લા પોલીસ

જુનાગઢ રેન્જ આઇ.જી.પી.શ્રી સુભાષ ત્રિવેદી સાહેબ તથા પોલીસ અધિક્ષકશ્રી સૌરભ સિંઘ સાહેબની સુચના મુજબ જૂનાગઢ જિલ્લામાં ઓનલાઇન ફ્રોડના બનાવો બનેલ હોય જે બનાવને શોધી કાઢવા ખાસ સુચના આપવામાં આવેલ હોય જે અનુસંધાને એસ.ઓ.જી. I/C પો.ઇન્સ.જે.એમ.વાળા તથા ટેકનીકલ સેલના પો.સબ ઇન્સ. એમ.જે.કોડીયાતર સાહેબ તથા સ્ટાફની અલગ-અલગ ટીમ બનાવી આવા બનાવ શોધી કાઢવા માટે ખાસ ઝુંબેશ શરૂ કરેલ.

## બનાવની ટુંક વિગત

આરોપીએ પોતાની recharge-pay.com નામની વેબસાઇટ બનાવી તેમાં બેલેન્સ મેળવવા એસ.બી.આઇ. બેન્ક, એચ.ડી.એફ.સી. બેન્ક, આઇ.ડી.બી.આઇ. બેન્ક તથા રત્નાકર બેન્કમાં એકાઉન્ટ બનાવી પૈસા રીચાર્જ બેલેન્સ માટે લોકોને ઉપરોક્ત બેન્કમાં પૈસા જમા કરાવી ફ્રોડ કરતા હોય જે બાબતે જુનાગઢ જિલ્લામાં સી ડિવીજન પોલીસ સ્ટેશન વિસ્તારમાં રહેતા ફરીયાદી જીતેશભાઇ દયારામભાઇ ભણસારી રહે.મધુરમ વાળા તથા સાહેદોએ ઉપરોક્ત ખાતામાં કુલ રૂ.૬૦૮૪૨૫.૮૪ જેટલા ભરેલ પરંતુ તેઓનુ રીચાર્જ અંગેનુ બેલેન્સ પરત નહી મળતા છેતરાયેલાનુ જણાતા સી ડિવીઝન પો.સ્ટે.ગુ.ર.નં.ફ.૧૯/૧૯ આઇપીસી કલમ ૪૦૬, ૪૨૦ તથા આઇ.ટી.એક્ટ કલમ ૬૬(બી) મુજબ ગુન્હો રજી કરાવેલ જે આધારે ટેકનીકલ સેલ મારફતે તેમજ ફિજીકલી રીતે માહિતી એકત્રીત કરવામાં આવેલ.

આ બાબતે આરોપી હરીયાણા ફરીદાબાદ ખાતે હોય એવી માહીતી મળતા તાત્કાલીક ધોરણે પો.સ.ઇ. વાઢેર સાહેબને એક ટીમ સાથે હરીયાણા તથા ફરીદાબાદ મોકલેલ તેઓની સાથે સંપર્કમા રહી જરૂરી માહીતી પુરી પાડી આ કામેનો આરોપી સાબીદ સ/ઓ અબ્દુલભાઇ એહમદ રાયન જાતે ગુજર ઉવ ૨૩ રહે.બ્લોક નં.૪૬૩, રાહુલ કોલોની, સેન્ટ્રલ ગ્રીન પાર્ક નજીક, એન.આઇ.ટી., ફરીદાબાદ હરીયાણા વાળાને પકડી પાડી અત્રે જુનાગઢ લાવેલ. મજકુર આરોપીની પુછપરછ કરતા પોતે આવી રીતે પોતાની વેબસાઇટ બનાવી રીચાર્જ બેલેન્સ અંગેના ગ્રાહકો ઉભા કરી જેનુ રીચાર્જ અંગેનુ બેલેન્સ વધારે પડતુ થાય ત્યારે વેબસાઇટ બંધ કરી આ બેલેન્સ પડાવી લે છે અને બીજી નવી વેબસાઇટ ફરી વખત બનાવી આવી રીતે ગ્રાહકો સાથે છેતરપીંડી કરે છે આ રીતે મજકુરે ગુજરાત રાજ્ય ના રાજકોટ, પોરબંદર તથા અન્યો રાજ્યોના ગ્રાહકો સાથે આ રીતે છેતરપીંડી કરેલાની કબુલાત કરેલ છે. મજકુરે આરોપી અગાઉ સને-૨૦૧૪માં smsachary.in નામની વેબસાઇટ બનાવીને રીચાર્જનો બીઝનેસ કરેલ હતો અને તે બંધ કરી દિધેલ અને ત્યારબાદ રીચાર્જ આ recharge-pay.com નામની વેબસાઇટ બનાવી અને તેમા ગ્રાહકોને છેતરીયા બાદ બંધ કરી દિધેલ અને હાલમાં પણ activerecharge.in નામની નવી વેબસાઇટ બનાવી અને ગ્રાહકો સાથે રીચાર્જનો ધંધો કરતા હોવાની કબુલાત કરેલ છે.

# <u>મહિલાની ડોકમાંથી ચેનની ચીલઝડપ કરતા આરોપીને ગણત્રીના કલાકોમાં પકડી પાડતી જુનાગઢ પોલીસ</u>

જૂનાગઢ રેન્જનાં પોલીસ મહાનિરીક્ષક સાહેબ શ્રી એસ.જી.ત્રિવેદી સાહેબની સુચના તેમજ પોલીસ અધિક્ષક શ્રી સૌરભ સિંઘ સાહેબનાંઓના સીધા માર્ગદર્શન હેઠળ જીલ્લામાં મિલ્કત વિરૂધ્ધના ગુન્હાઓ બનતા અટકાવવા અને અનડીટેક્ટ ગુન્હાઓને શોધી કાઢી તેમાં સંડોવાયેલા ઇસમો સામે કડક હાથે કામ લેવાની ઝૂંબેશ અન્વયે તેમજ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરીસ્થિતીને જાળવી રાખવા સારૂં પોલીસ તરફથી શહેરી વિસ્તારમાં પેટ્રોલિંગ ફરી બનતા બનાવો અટકાવવાના પ્રયાસો ચાલુ છે.

તા.૨૩/૦૬/૨૦૧૯ ના ફરીયાદી કેશોદ શહેર સુતારવાવમાં આવેલ સરકારી દવાખાના સામે આવેલ શાકમાર્કેટમાં સામે શાકભાજી લેવા ગયેલ ત્યારે તેઓએ ગળામાં સોનાનો ચેન પહેરેલ હોય જે ચેનની કોઇ અજાણી સ્ત્રીએ આંચકો મારતા તુટી ગયેલ હોય જેથી ફરીયાદીએ આ સોનાનો ચેન એક રૂમાલમાં બાંધી થેલીમાં રાખેલ હતો જે ચેનની કોઇ અજાણી સ્ત્રીએ ફરીયાદીની નજર ચુકવી થેલીમાંથી ચોરી કરેલ હોય જે અન્વયે કેશોદ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપતા જિલ્લામાં આ બનાવ અંગે નાકા બંધી કરવામાં આવેલ અને કેશોદ પો.સ્ટે. ગુ.ર.નં. ફસ્ટ ૧૦૧/૨૦૧૯ આઇ.પી.સી. કલમ ૩૭૯ (એ) (૩) મુજબનો ગુન્હો નોંધવામાં આવેલ આ બાબતે ક્રાઇમ બ્રાન્ચ જુનાગઢના ઇન્ચા. પોલીસ ઇન્સશ્રી આર.કે.ગોહિલ તથા હેડ કોન્સ. એચ.વી.પરમાર, પોકોન્સ. સાહિલભાઇ શમા , ડાયાભાઇ કાનાભાઇ વિગેરે એ બનાવ વાળી જગ્યાના આજુબાજુના સીસીટીવી ફુટેઝ તથા ટેકનિકલ સેલના માધ્યમથી તથા ખાનગીરાહે તપાસ કરતા ખાનગી રાહે હકિકત મળેલ કે,. ઉપરોક્ત ચોરીમાં અર્ટીગા કાર રજી નં. જીજે-૦૩-જેઆર-૬૯૨૯ ની સંડોવાયેલ હોવાનુ જાણવા મળતા તે કાર અંગે તપાસ કરતા તે રાજકોટના નિકિતાબેન અલ્પેશભાઇ સાવલીયાના નામે રજીસ્ટર થયેલ હોય જેથી આ કામે પો.હે.કો. એચ.વી.પરમાર તથા પો.કો. સાહીલ હુશેનભાઇ , ડાયાભાઇ કાનાભાઇ તથા મહીલા પો.કો. કિર્તીબેન અરજણભાઇને તપાસમાં મોકલતા તેઓ આ ઉપરોક્ત કાર સાથે નિકિતાબેન તથા મેહુલ મનસુખભાઇ સોઢા લોહાણા ઉવ.૩૨ રહે. રાજકોટ સંતકબીર રોદ, સદરૂરૂ સાનિધ્ય કોમપ્લેક્ષ સી-303 વાળાને લાવી અમારી સમક્ષ રજુ કરતા તેઓની સઘન પુછપરછ કરતા તેઓએ સદરહુ ગુન્હો કરેલાની હકિકત જણાવતા મેહુલ મનસુખભાઇ સોઢા લોહાણા તથા (૨) નિકીતાબેન ઉર્ફે નીરૂ વા/ઓ. મેહુલભાઇ મનસુખભાઇ સોઢા લોહાણા ઉ.વ.૩૫ ધંધો. ઘરકામ રહે. લક્ષ્મીવાડી , મેઇન રોડ, ગોવિંદપરા, શેરી નં.૧, પાયલ કોમપ્લેક્ષની પાછળ રાજકોટ વાળાને પકડી પાડેલ હતા અને મેહુલ મનસુખભાઇ સોઢા લોહાણા ની પાસેથી ચોરીમાં ગયેલ સોનાનો તુલસીના પારા ઉપર મઢેલ ચેન ૨૧.૨૦૦ મી.ગ્રામ ૨૧ કેરેટ કેડીએમનો કિ.રૂ.૬૭,૮૪૦/- નો તથા મો.ફોન – ૧ કિ.રૂ.૧૦૦૦/- તથા મારૂતી સુઝુકી કંપનીની અર્ટીગા કાર રજી નં. જીજે-૦૩-જેઆર-૬૯૨૯ કિ.રૂ.૫,૦૦,૦૦૦/- ના મુદામાલ સાથે મજકુર બન્ને આરોપીઓને ઉપરોક્ત ગુન્હાના કામે સી.આર.પી.સી. ક. ૪૧(૧) આઇ. મુજબ આગળની કાર્યવાહી માટે કેશોદ પો.સ્ટે. સોંપવામાં આવેલ છે.

આ કામગીરીમાં ક્રાઇમ બ્રાન્ચ.ના ઇન્ચા. પો.ઇન્સ.શ્રી આર.કે.ગોહીલ તથા એ.એસ.આઇ. એસ.એચ.ગઢવી, પો.હે.કો. એચ.વી.પરમાર , આર.પી.મેધનાથી, પોલીસ કોન્સ. ડાયાભાઇ કાનાભાઇ , યશપાલસિંહ જાડેજા, સાહીલભાઇ સમા, જીતેષ મારૂ, જગદીશભાઇ વિરમભાઇ ભાટુ, મહીલા પો.કો. કિર્તીબેન અરજણભાઇ વિગેરે પોલીસ સ્ટાફએ સાથે રહી આ કામગીરી કરેલ છે.

## <u>ધંધુસર ગામની સીમમાંથી રૂ.૯,૧૬,૮૦૦/- નો વિદેશી દારૂનો જથ્થો પકડી પાડી ગણનાપાત્ર કેસ શોધી કાઢતી જુનાગઢ પોલીસ</u>

જૂનાગઢ રેન્જનાં પોલીસ મહાનિરીક્ષક સાહેબ શ્રી એસ.જી.ત્રિવેદી સાહેબની સુચના તેમજ પોલીસ અધિક્ષક શ્રી સૌરભ સિંઘ સાહેબનાંઓના સીધા માર્ગદર્શન હેઠળ પ્રવર્તમાન સમયમાં વિદેશી દારૂ તથા જુગારની બદીને ધરમુળમાંથી નાબૂદ કરવા અને આવી પ્રવૃતિ કરતા ઇસમો ઉપર ધોંસ બોલાવી દબોચી લઇ ગે.કા. પ્રવૃતિને સંપુર્ણપણે ડામી દેવા સુચના કરેલ હોય જેથી આ કામે ક્રાઇમ બ્રાન્ચ જુનાગઢના પોલીસ સ્ટાફ દ્વારા ઉપરોકત સુચના ધ્યાને લઇ સતત જીલ્લા વિસ્તારમાં પેટ્રોલિંગ ફરી આવી ગે.કા પ્રવૃતિ કરતા ઇસમો ઉપર સતત વોચ રાખતા ક્રાઇમ બ્રાન્ચ જુનાગઢના પો.કો. ઇન્દ્રજીતસિંહ ઝાલા તથા વિપુલસિંહ રાઠોડ તથા કનકસિંહ ગોહિલ ને સંયુક્તમાં ખાનગીરાહે ચોક્કસ બાતમી હકિકત મળેલ કે , ધંધુસર ગામનો હમીર ઉર્ફે હમીરો મેણંદભાઇ મુળીયાસીયાએ પોતાના આર્થીક ફાયદા સારૂ બહારના રાજ્યમાંથી મોટા પાયે ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો મંગાવી આ દારૂનો જથ્થો ધંધુસર ગામની વલાતીયુ સીમમાં ખોડીયાર મંદિરથી આગળ વાડીમાં રહેતા જેતા થાપલીયાની વાડીએ આવેલ રહેણાંક મકાનની પાછળ ઓરડીમાં છુપાવેલ છે. જે હકિકત આધારે હકિકત વાળી જગ્યાએ રેઇડ કરતા હમીર ઉર્ફે હમીરો મેણંદભાઇ મુળીયાસીયા તથા જેતા થાપલીયા રહે. બન્ને ધંધુસરવાળાઓ હાજર મળી આવેલ નહિ ; અને હકિકતવાળી ઓરડીમાંથી જુદી જુદી બ્રાન્ડનો ભારતીય બનાવટના વિદેશી દારૂની બોટલ નંગ – ૨૨૨૦ પેટી નંગ – ૧૮૫ કુલ કિ.રૂ.૯ ,૧૬,૮૦૦/- નો મળી આવતા ઉપરોકત બન્ને ઇસમો વિરૂધ્ધ વંથલી પોલીસ સ્ટેશનમાં પ્રોહિ ધારા હેઠળ ધોરણસરની કાર્યવાહિ કરવામાં આવેલ છે.

આ કામગીરીમાં ક્રાઇમ બ્રાન્ચ.ના ઇન્ચા. પો.ઇન્સ. આર.કે.ગોહીલ તથા પો.સ.ઇ. શ્રી એન.બી.ચોહાણ સાહેબ તથા એ.એસ.આઇ. એસ.એચ.ગઢવી , પો.હે.કો. એચ.વી.પરમાર , આર.પી.મેધનાથી, પો.કો. ઇન્દ્રજીતસિંહ રણવિરસિંહ , વિપુલસિંહ કિરણસિંહ , કનકસિંહ રેવતુભા ગોહિલ , પ્રવિણભાઇ રાણીંગભાઇ , જીતેષભાઇ હાજાભાઇ , યશપાલસિંહ સુરેન્દ્રસિંહ ડાયાભાઇ કાનાભાઇ , સાહીલભાઇ સમા , જગદીશભાઇ વિરમભાઇ ભાટુ , મહીલા પો.કો. કિર્તીબેન અરજણભાઇ તથા શ્રી પો.અધિ.સા જુનાગઢના પ્રોહી/જુગાર સ્કોડના ધર્મેશભાઇ સુરસીભાઇ વિગેરે પોલીસ સ્ટાફએ સાથે રહી આ કામગીરી કરેલ છે.

